# અરવલ્લીમાં ૧૩૦થી વધુ ડેન્ગ્યુના શંકાસ્પદ કેસ

## મોડાસા લઘુમતિ વિસ્તારમાં ૫, મેઢાસણ ગામમાં ૩ અને બોડી ગામમાં ૧ શંકાસ્પદ ડેન્ગ્યુના દર્દીઓ સારવાર હેઠળ





મોડાસા, તા. ૫

અરવલ્લી જિલ્લામાં ઠંડીની સીઝન ધીમે ધીમે જમાવટ કરી રહી છે. દિપાવલી પર્વ પછી મચ્છરોના ઉપદ્રવમાં નોંધપાત્ર ઘટાડો સામાન્ય રીતે જોવા મળતો હોય છે. તેનાથી તદન વિપરીત સ્થિતિ અરવલ્લી જિલ્લામાં એડીસ મચ્છરોના ઉપદ્રવે હાહાકાર મચાવતા ડેન્ગ્યુના રોજ નવા કેસ બહાર આવી રહ્યા છે. મોટા કંથારીયા ગામે ૧૭ વર્ષીય યુવાનનું ડેન્ગ્યુથી મોત નિપજવાની ઘટનાથી અરવલ્લી જિલ્લાના પ્રજાજનો ભયભીત બની ગયા છે. જિલ્લામાં દિપાવલી ત્યૌહારથી અત્યાર સુધી કેટલાય લોકો ડેન્ગ્યુની જપટમાં આવતા આરોગ્યતંત્ર ઉંઘા માટે પટકાયું છે. મોડાસા લઘુમતિ વિસ્તારમાં બે દિવસમાં ૫ થી વધુ ડેન્ગ્યુના શંકાસ્પદ દર્દીઓ તેમજ મેઢાસણ ગામમાં ત્રણ અને બોડી ગામમાં એક શંકાસ્પદ ડેન્ગ્યુના દર્દીઓ મળી આવતા તમામ દર્દીઓ ખાનગી હોસ્પિટલોમાં સઘન સારવાર લેવા મજબુર બન્યા છે.

અરવલ્લી જિલ્લામાં આરોગ્ય વિભાગ દ્વારા ડેન્ગ્યુને નાથવા ફોગીંગની અને સર્વેની કામગીરી હાથ ધરવામાં આવી હોવા છતાં એડીસ મચ્છરોનો ઉપદ્રવ અટકવાનું નામ ન લેતા આરોગ્ય વિભાગની કામગીરીને બેઅસર સાબીત કરી રોજ શંકાસ્પદ ડેન્ગ્યુના કેસોમાં સતત વધારો જોવા મળી રહ્યો છે. ડેન્ગ્યુના શંકાસ્પદ કેસો ધ્યાનમાં રાખી આરોગ્ય વિભાગ શિબિરો તેમજ અન્ય લોક જાગૃતિના કાર્યક્રમો યોજે છે પરંતુ તેની કોઈ અસર જણાતી નથી. જિલ્લામાં તંત્રની સર્વેની કામગીરી અસરગ્રસ્ત વિસ્તારો પુરતી સીમીત હોવાનું પ્રજાજનો જણાવી રહ્યા છે. જેના કારણે વધુને વધુ શંકાસ્પદ કેસો બહાર આવી રહ્યા છે. મોડાસાના લઘુમતિ વિસ્તાર અને રહેણાંક સોસાયટીમાં ગંદકીના ઢગ ખડકાતા ભયંકર રોગચાળાની ઝપેટમાં પ્રજાજનો આવી ગયા છે. ત્રણ બાળકોના એક જ દિવસમાં ડેન્ગ્યુ શંકાસ્પદ પોઝેટીવ મળી આવતા લઘુમતિ વિસ્તારના લોકોમાં ફફડાટ ફેલાયો છે. ત્રણેય બાળકોને અમદાવાદ ખાતેની ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા હોવાનું આધારભૂત સુત્રો દ્વારા જાણવા મળ્યું હતું.

મોડાસા તાલુકાના મેઢાસણ ગામમાં મહિના અગાઉ પણ શંકાસ્પદ ડેન્ગ્યુના ચાર જેટલા દર્દીઓ મળી આવ્યા હતા અને આરોગ્ય વિભાગ દ્વારા ફોગીંગ અને સર્વેની કામગીરી હાથ ધરવામાં આવી હતી. ત્યારબાદ ફરીથી છેલ્લા બે દિવસમાં ધવલભાઈ મહેશભાઈ પટેલ-ઉં.વ. ૨૪, ઓમ રાજેશભાઈ પટેલ-ઉં.વ. ૧૨, ચિરાગ સુરેશભાઈ માવાવાળા -ઉં.વ. ૧૭ને સતત તાવ આવતા તબીબે એનએસ-૧ના રીપોર્ટ કરાવતા બે ના પોઝેટીવ અને ધવલભાઈનો રીપોર્ટ શંકાસ્પદ ડેન્ગ્યુ ગણી તબીબોએ સઘન સારવાર હાથ ધરી હતી. તદ્ઉપરાંત બોડી ગામે એક વ્યક્તિને શંકાસ્પદ ડેન્ગ્યુ થયો હોવાનું જણાતા તેને મોડાસાની એક ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયો હતો. ડેન્ગ્યુ નામની બિમારીએ જીલ્લાના પ્રજાજનોને ભયના ઓથાર હેઠળ જીવવા મજબુર કરી દીધા છે. ડેન્ગ્યુનું નામ સાંભળતા જ જિલ્લાના પ્રજાજનો ભયભીય બની જાય છે.

# ખેડબ્રહ્મા પોલીસે એક લાખ આડત્રીસ હજારનો દારૂ પકડ્યો




ખેડબ્રહ્મા, તા. ૫

ખેડબ્રહ્મા પોલીસ દ્વારા ગત બુધવાર રાત્રીના સમયે બાતમી આધારે પેટ્રોલીંગ દરમ્યાન એક ગાડીમાંથી ઈંગ્લિશ દારૂ સાથે એક ઈસમને ઝડપી પાયો હતો.

ખેડબ્રહ્માના બોર્ડર વિસ્તારમાંથી થતી દારૂની હેરાફેરી રોકવા માટે બુધવાર રાત્રે પીએસઆઈ એ.વી. દેસાઈ તથા સ્ટાફ પેટ્રોલીંગ કરી રહ્યા હતા ત્યારે બાતમી મળી હતી કે રાજસ્થાનના મહાદ તરફથી સફેદ કલરની ટાટા ઝેસ્ટ નં. જીજે.૨-સી.એ.-૯૨૭માં ઈંગ્લિશ દારૂ ભરી પઢારા તરફથી ખેડબ્રહ્મા તરફ આવનાર છે. જેથી પઢારા પાસે પોલીસે નાકાબંધી કરી હતી અને તે સમયે રાજસ્થાન તરફથી બાતમી વાળી ગાડી આવી હતી જેમાં ડ્રાઈવર અને અન્ય એક ઈસમ હતા જેમને પોલીસે ગાડી ઉભી રાખવાનો ઈશારો કરતા ગાડીના ચાલકે ગાડી રીવર્સ કરી ભાગવા જતાં ગાડી રોડ સાઈડમાં ઉતરી પડેલ જે સમયે એક ઈસમ ગાડીમાંથી ઉતરી ભાગી ગયેલ અને ગાડીના ચાલકને પકડી પાડવામાં આવ્યો હતો. પોલીસ પુછપરછમાં ડ્રાઈવરે પોતાનું નામ પ્રવિણજી કેસાજી ખેર, રહે. ખેરવાસ, ગોજારીયા, મહેસાણાનો હોવાનું જણાવેલ અને ગાડીની તલાશી લેતા ગાડીની પાછળની સીટમાં તથા ડેકીમાં ઈંગ્લિશ દારૂ તથા બીયરની પેટીઓ ભરેલી મળી આવી હતી. જેમાં અલગ અલગ બ્રાન્ડની કુલ ૪૨૦ બોટલો કિંમત રૂ. ૧,૩૮,૦૦૦ તથા ટાટા ઝેસ્ટ ગાડીની કિંમત રૂ. ૫,૫૦,૦૦૦ એક મોબાઈલ રૂ. ૫૦૦, રોકડ રકમ રૂ. ૧૫૦૦ મળી કુલ ૬,૯૦,૦૦૦ના મુદ્દામાલ સાથે એક ઈસમને ઝડપી પાડવામાં આવ્યો હતો.

આ અંગે તપાસમાં પ્રવિણજી ખેરે આ દારૂ મહાદના નાથુલાલ હીરાલાલ ખરીક, રહે. દેલવાડા, રાજસ્થાનવાળા મારફતે તેના માણસો દિલીપ તથા ગજાનંદ નામના માણસો પાસેથી ભરી લાવેલ અને ગાડીમાંનો સાથી જીવાજી ગનુજી પરમાર, રહે. ગોઝારીયા ભાગી ગયેલ. આ તમામ વિરૂદ્ધ ધી ગુજરાત પ્રોહી. એક્ટ કલમ ૬૬(૧)બી., ૬૫એઈ, ૧૧૬બી, ૮૧, ૮૩ મુજબ ગુન્હો નોંધ્યો હતો.

# પ્રાંતિજ- તલોદના ખેડુતો અને કોંગ્રેસ આગેવાનો દ્વારા આવેદન પત્ર

## હાર્વેસ્ટર મશીનથી કાપણી કરવામાં આવેલ ડાંગરને ટેકાના ભાવથી ખરીદવા આવેદન આપી રજુઆત કરી



પ્રાંતિજ તા. ૫

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ -તલોદ તાલુકાનાં ખેડૂતો તેમજ કોંગ્રેસ આગેવાનો દ્વારા ખેડુતોએ હાર્વેસ્ટર મશીનથી ડાંગરની કાપણી કરવામાં આવેલ ડાંગરને સરકાર દ્વારા નકકી કરેલ ટેકાના ભાવે ખરીદવામાંના આવતાં સાબરકાંઠા જિલ્લા કલેક્ટર ને આવેદન પત્ર આપવામા આવ્યું.

પ્રાંતિજ- તલોદના ખેડૂતોએ કરેલ ડાંગરના પાકમાં ચાલુ સાલે ડાંગરની કાપણી માટે મંજુરની અછત ઉભી થતાં ડાંગર ના પાકને હાર્વેસ્ટર મશીન થી કાપણી કરવામાં આવી રહી છે ત્યારે બીજીબાજુ સરકાર દ્વારા નકકી કરવામાં આવેલ ટેકાના ભાવથી ડાંગરની ખરીદી કરવામાં ન આવતાં ખેડૂતોને હેરાન પરેશાન થઈ ગયાછે અને ભાવ ન મળતાં પ્રાંતિજ- તલોદના ખેડૂતો તથા પ્રાંતિજ-તલોદના ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા સહિત કોંગ્રેસ કાર્યકરો એ હિંમતનગર ખાતે જિલ્લા કલેક્ટરને હાર્વેસ્ટર થી કાંપણી કરેલ ડાંગરને પણ ટેકાના ભાવે ખરીદી કરવામાં આવે તે માટે આવેદન પત્ર આપી રજુઆત કરવામાં આવી છે.

# ઉનાવાના મીરાદાતારના મેળામાં તંત્રની ઉદાસીનતા સામે રોષ

ઉનાવા, તા. ૫

ઊંઝા તાલુકાના સૌથી મોટા ગામ અને સુપ્રસિદ્ધ યાત્રાસ્થળ ઉનાવા ખાતે મીરાંદાતારના ભરાયેલ મેળા દરમિયાન સ્થાનિક ગ્રામ પંચાયત અને પોલીસતંત્રની નિષ્ક્રિયતાને કારણે બહારના યાત્રાળુઓને ભારે પરેશાની ભોગવવી પડી હતી.

ઉનાવામાં દર વર્ષે મીરાંદાતારની દરગાહનો મેળો યોજાયે છે. આ વર્ષે પણ દિપાવલીના તહેવારો દરમિયાન મીરાંદાતારનો ઉર્સ ભરાયો હતો. સ્થાનિક ગ્રામ પંચાયત બહારથી ધંધાર્થે આવતા નાના વેપારીઓ પાસેથી વેરો વસૂલીને ગામઠાણની જગ્યામાં તેમજ માર્ગ મકાન વિભાગની હદમાં હાઈવેની બાજુમાં જમીન ફાળવી આપી આવક ઉભી કરે છે. પરંતુ બહારથી આવતા યાત્રિકો માટે પાણી, જાહેર શૌચાલયો, સાફસફાઈ તેમજ અન્ય જરૂરી સગવડો ઉભી કરવામાં આવતી નથી. પરિણામે મેળામાં ઠેર ઠેર ગંદકી અને કચરાના ઢગ જોવા મળે છે. બીજુ મેળા પહેલા ગામના જ કેટલાક તત્વો સરકારી જમીનો કબજે કરી બહારના વેપારીઓ પાસેથી તગડી રકમ મેળવી નફો કરતા હોવાનું કહેવાય છે. વર્ષોથી ચાલતી આ પ્રવૃત્તિને અટકાવવા માટે ગ્રામ પંચાયત દ્વારા પણ કોઈ જ પગલાં ભરાતાં નથી.

ઉનાવામાં છેલ્લા એક વર્ષ ઉપરાંતથી સ્વતંત્ર પોલીસ સ્ટેશન કાર્યરત કરવામાં આવ્યું છે. તેમ છતાં અહીં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ તદ્દન ખાડે ગઈ છે. મેળા દરમિયાન યાત્રિકોની ભારે ભીડ તેમજ વાહનોના ટ્રાફિકની સમસ્યાને હલ કરવા માટે પોલીસતંત્ર નિષ્ક્રિય રહેતા ટ્રાફિકની વિકટ સમસ્યા સર્જાઈ હતી. એસ.ટી. બસોને પણ ડાયવર્ટ કરવામાં આવી હતી. જ્યારે ઓટોરીક્ષાઓ, અન્ય ખાનગી વાહનોને જાણે છૂટ આપી દેવામાં આવી હતી. જેથી મેળામાં ટ્રાફિક જામના દૃશ્યો સર્જાયા હતા. મેળામાં પોલીસની પાંખી હાજરી વચ્ચે પેટ્રોલિંગ માત્ર નામ પુરતુ જ રહ્યું હતું. કહે છે કે, મોટા ભાગે કેટલાક ભ્રષ્ટ પોલીસ અધિકારીઓ, કર્મચારીઓ વગર લાયસંસની ફટાકડાની હાટડીઓ, દુકાનદારો, વાહનચાલકો, અસામાજીક પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલ તત્વો પાસેથી કેવળ નાણાં કમાવવા પર જ ધ્યાન કેન્દ્રિત કર્યુ હોવાના આક્ષેપો પ્રજામાં થઈ રહ્યા છે.

# ડીસા પંથકમાં બટાટાનું વાવેતર ૫૦ ટકા પૂર્ણ





ડીસા, તા.૫

ડીસા પંથકમાં મબલક આવક રળી આપતા બટાટાની વાવણી દિવાળી પહેલાથી શ્રી ગણેશ કરી દેવાયા છે. ખેતરોમાં રાત દિવસ હજારો મણ બટાટાનું વાવેતર ટ્રેક્ટરો મારફતે થઈ રહ્યું છે.

ડીસા પંથકમાં શિયાળુ સીઝનના બટાટાના વાવેતરનો શુભારંભ થઈ ગયો છે. બાદશાહ, પોખરાજ જેવી જાતોના બટાટા પર ખેડૂતો

પસંદગી ઉતારી રહ્યા છે. ગતસાલે શરૂઆતના સમયે ઓછો ભાવ હતો. પરંતુ પાછળથી સારા ભાવો મળ્યા હતા. ડીસા પંથકમાં છેલ્લા કેટલાક સમયથી કૃષિ ક્ષેત્રે આધુનિકરણ જોવા મળી રહ્યું છે. જેના કારણે ખેડૂતો ખેતી પાકોના સારા ભાવો લેતા થયા છે. આજુબાજુના વિસ્તારમાં છેલ્લા બે વર્ષથી કોલ્ડ સ્ટોરેજની સંખ્યામાં થઈ રહેલા વધારાને કારણે ખેડૂતોને બટાટાનું વાવેતર વધારે અનુકુળ રહે છે. આ વર્ષે પણ બટાટાનું વાવેતર વધારે અનુકુળ રહે છે. આ વર્ષે પણ બટાટાનું મોટા પાયે વાવેતર થવાની સંભાવના છે. જેમાં ૫૦ ટકા જેટલું વાવેતર થઈ ચુક્યું છે. અત્રે ઉલ્લેખનિય છે કે બટાટાના વાવોતર સાથે હજારો મજુરોની રોજગારી પણ સંકળાયેલી છે. વાવેતર સમયે બટાટા કાપવા અને કાઢવાના સમયે પણ મોટા પાયે મજુરોની જરૂર રહે છે. આથી ઘણા મજુરો વર્ષ ભેરની મજુરી એકાદ માસમાં કરી લે છે. હાલમાં વાવેતરના સમયે બટાટા કાપવાની દૈનિક મજુરી રૂા. ૩૦૦ ચાલે છે. જો કે, ખેડુતોએ અત્યારે તો બિયારણ, દવા, ખાતર વગેરેનો જંગી ખર્ચ કરી વાવેતર કર્યું છે પણ ભાવ સારા રહે તોજ ખેડુતોને ફાયદો થઈ શકે નહી તો બટાટાની ખેતી એક જુગાર હોવાનું ડીસાના ખેડુત રામપ્રસાદ લોધાનું માનવું છે.

# અરવલ્લી જિલ્લા સહકારી સંઘ ચાર રસ્તા પાસેના સંકુલમાં ખસેડાયો

મોડાસા તા.૫

અરવલ્લી જિલ્લામાં ૬ તાલુકાઓની વિવિધ સહકારી સંસ્થાઓ સાથે સંકળાયેલ અરવલ્લી જિલ્લા સહકારી સંઘ આજે લાભ પાંચમથી માલપુર રોડ બાલાજી કોમ્પ્લેક્સથી ખસેડીને મોડાસા ચાર રસ્તા પ્રથમ ગેસ્ટ હાઉસના ઉપરના મજલે અને બિલ્ડીંગના બીજા માળે આજરોજ સંઘના અધ્યક્ષ પ્રભુદાસભાઈ પી.પટેલ, ઉપાધ્યક્ષ ભીખાજી ડામોર.ડિરેક્ટર શામળભાઈ પટેલ (જીલ્લા ભાજપ મહામંત્રી)અને અન્ય ડિરેક્ટર્સ હસમુખભાઈ પટેલ(માલપુર), નાગરિક બેન્કના ચેરમેન અને આ સંઘના ડિરેક્ટર વિનોદભાઈ કે.શાહ વગેરેની ઉપસ્થિતિમાં દીપ પ્રગટાવી નવા સ્થળે શુભારંભ કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે એક્ઝિક્યુટિવ ઓફિસર દીપકભાઈ એન.ત્રિવેદીએ સહુને આવકાર્યા હતા અને સહુનો આભાર માન્યો હતો.આજથી જિલ્લાની સહકારી સંસ્થાઓએ હવે નવા સ્થળે સંઘની આ કચેરીનો સંપર્ક કરવા જણાવાયું છે.

# અરવલ્લી-સાબરકાંઠામાં લાભ પાંચમના શુભમુહૂર્તમાં ધંધા-રોજગારના શ્રીગણેશ કર્યા

અરવલ્લી, તા. ૫

અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં રોશનીનું પર્વ દિવાળી અને નૂતન વર્ષની ઉમંગભેર ઉજવણી કરાઈ હતી. દિવાળી પર્વમાં વેપારીઓ દિવાળીના દિવસે ચોપડા પૂજન વગેરે કર્યા બાદ બેસતા વર્ષથી ચોથ સુધી ધંધા-રોજગાર બંધ રાખી નવા વર્ષની ઉજવણીમાં મશગુલ બન્યા હતા. દિવાળીના વેકેશનના માહોલના લીધે જાણે જનજીવન થંભી ગયુ હોય તેવો સૂમસામ માહોલ બન્ને જિલ્લાના બજારોમાં અને રહેણાંક સોસાયટીઓ અને ગ્રામ્ય વિસ્તારોમાં જોવા મળ્યો હતો. રવિવારે દિપાવલી પર્વના રોજ ચોપડા પૂજન કરી વસતી કરેલી પોતાની પેઢી, દુકાનો અને ધંધા રોજગારીના સ્થળોએ લાંભપાંચમનું મુહૂર્ત કરી શ્રીગણેશ કરતા બન્ને જિલ્લાઓ અને મોડાસા શહેરમાં જનજીવન રાબેતા મુજબ પૂર્વરત થતા ધબકતુ જોવા મળ્યુ હતુ.




અરવલ્લી-સાબરકાંઠા જિલ્લામાં દિવાળી પર્વનું પાંચ દિવસનું મિની વેકેશન પૂર્ણ થતા જ જિલ્લાના બજારો અને માર્ગો પર લોકો ખરીદી માટે ઉમટી પડતી. સવારથી જ ધંધા રોજગારના સ્થળો ધમધમી ઉઠ્યા હતા. વેપારીઓ અને પેઢીના માલિકો આગામી માસમાં આવી રહેલી લગ્નસરાની મોસમમાં જોતરાઈ જવાની તૈયારીઓ મુહૂર્તના દિવસથી આરંભી દીધી હતી. વેપારીઓ અને પેઢીના માલિકો દિવાળી વેકેશનની સુસ્તી ઉડાડી ધંધા-રોજગારમાં મન પરોવી દીધુ હતુ. બન્ને જિલ્લાના પ્રજાજનો બજારો ખુલતા જ મોટી સંખ્યામાં જીવન જરૂરીયાત ચીજવસ્તુઓ ખરીદી કરવા ઉમટી પડ્યા હતા. શનિવારે લાભ પાંચમના દિવસે દુકાનદારો, પેઢીના માલિકો તેમજ અન્ય ધંધા રોજગાર ધરાવતા વ્યક્તિઓ અને આમ જનતા નોકરી તેમજ સંસ્થાઓમાં પ્રવેશ કરી નવા વર્ષમાં પોતાનું આવનારૂ વર્ષ ખુબ જ સફળ નીવડે તેવી પ્રાર્થના સાથે શુભારંભ કર્યો હતો.

લાભ પાંચમના શુભ મુહૂર્તમાં આ દિવસનું હિન્દુ સંસ્કૃતિ પરંપરા મુજબ ખુબજ મહત્વ ધરાવતુ હોવાથી બન્ને જિલ્લાના વેપારીઓ, પેઢીના માલિકો દ્વારા શુભ ચોઘડીયામાં ધંધા-રોજગારનો શુભારંભ કરી પોતાની વ્યસ્તતા ભરી જીંદગીમાં પૂર્વરત થઈ ગયા હતા. બન્ને જિલ્લાના બજારો જાણે તાજગી અનુભવતા હોય તેવા દશ્યો તાદશ્ય થયા હતા.

# પ્રાંતિજમાં ઘર આગળ પાર્ક કરેલ ઓટો રીક્ષામાં આગ

## આગમાં ઓટો રીક્ષા બળી ને સ્વાહા થઈ ગઈ : ફાયર ટીમ દ્વારા રીક્ષામાં લાગેલ આગ હોલવવામાં આવી



પ્રાંતિજ, તા. ૩

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ગ્રીનપાર્ક-૨માં ઘર આગળ પાર્ક કરેલ સી.એન.જી ઓટો રીક્ષામાં અચાનક આગ લાગતાં નાસભાગ મચી જવા પામી હતી અને જોત જોતાંમાં આગમાં રીક્ષા બળીને સ્વાહા થઈ ગઈ હતી.

પ્રાંતિજ ગ્રીનપાર્ક-૨માં રહેતાં કનુભાઈ મિસ્ત્રી કે જેવો પોતાના ઘર આગળ પોતાની ઓટો રીક્ષા GJ-9X-8171 પાર્ક કરી હતી અને તેવો પોતાનો પુત્ર આર્મી માં નોકરી કરતો હોવાથી ઘરે આવતાં ગાંધીનગર ખાતે પરિવાર સાથે ફરવા ગયા હતા ત્યારે ઘર આગળ પાર્ક કરેલ ઓટો રીક્ષામાં અચાનક આગ લાગતાં આજુબાજુ માંથી લોકો દોડી આવ્યા હતાં ત્યારે નગર પાલિકાના ઉપપ્રમુખ પંકજભાઈ મોદી પણ જાણ થતાં દોડી આવ્યા હતાં અને પાલિકામાં ફોન કરતાં તાત્કાલિક ફાયર ટીમ મુકેશભાઈ, ગોપાલભાઈ, કેતનભાઈ ટીમ સાથે દોડી આવ્યાં હતાં અને ઓટો રીક્શામાં લાગેલ આગને હોલવી હતી પણ ત્યાં સુધીમાતો ઓટો રીક્ષા બળીને ખાખ થઈ ગઈ હતી.